# તહેવારનો સાર્થક આનંદ



**પગરવ**

★ પ્રશસ્ત પંડ્યા

'મકરસંક્રાતિ એ દિવસનો રાત્રિ ઉપરનો વિજય, તડકાનો ટાઢ ઉપરનો વિજય, પ્રવૃત્તિનો નિદ્રા ઉપરનો વિજય સૂચવે છે. અષાઢ મહિનાથી દીર્ઘન્તમાં રાત્રિનો વિજય થતો હતો, દહાડે દહાડે પ્રવૃત્તિ ઓછી થતી હતી, સર્વત્ર એક જાતની ગ્લાનિ છવાઈ હતી, સૂર્યનાં કિરણ ઓછાં થતાં હતાં. દીપોત્સવ કરીને આપણે માંડમાંડ નવા વરસનો ઉત્સવ ઊજવ્યો, પણ ટાઢની કઠોરતા તો વધતી જ ગઈ... આપત્તિને પણ અંત હોય છે. સૂર્યનું દક્ષિણ તરફનું સંક્રમણ પૂરું થયું, વધારે ને વધારે ફેલાવા લાગ્યાં, દિવસની પળો વધવા લાગી, રાત્રિની પળો ઓછી થવા લાગી, રાત્રિના સામ્રાજ્યનો ક્ષય શરૂ થયો, એવા સ્પષ્ટ ચિહ્નો દેખાવા લાગ્યાં, અને મહાત્મા સવિતા દક્ષિણ દિશાના બંધનમાંથી હવે જરૂર મુક્ત થવાના એવી ખાતરી થવા લાગી. બસ, એ જ ભાવિ મુક્તિનો આનંદ તે 'મકરસંક્રમણ.' - ઉત્તરાયણનું આ વર્ણન ગુજરાતી ભાષાના શ્રેષ્ઠ સાહિત્યકારોમાંના એક કાકાસાહેબ કાલેલકરે કર્યું છે. કાકાસાહેબનું પુસ્તક છે 'જીવતા તહેવારો'. આ પુસ્તકમાં તેમણે આપણા દેશમાં ઉજવાતા જુદા જુદા તહેવારો વિશે લખ્યું છે અને તેમાં તેઓ 'સંક્રાતિ' વિશે પણ વિસ્તારથી લખ્યું છે.

પહેલાં તો તેઓ 'જીવતા તહેવારો'ના મથાળેથી પ્રસ્તાવના બાંધતા લખે છે કે, 'કેટલીક વૃત્તિઓ મનુષ્યહૃદયને એટલી સ્વાભાવિક છે કે, તેમનું નિયમન ન થાય તો તે અમર્યાદ વધી આખું જીવન બગાડી નાખે છે. તેમનો સીધો વિરોધ અથવા બાહ્ય નિરોધ શક્ય કે સલામત નથી હોતો. દબાણથી તે વિકૃત થાય છે અને છૂપી રીતે અથવા અસ્વાભાવિક રીતે પોતાની તૃપ્તિ શોધે છે. આમાંની કેટલીક વૃત્તિઓ મર્યાદિત સ્વરૂપમાં ક્ષમ્ય હોય છે એટલું જ નહીં, પણ હિતકર પણ હોય છે. એમનો નાશ કરવાને બદલે જો એમને વિશુદ્ધ બનાવી ઉન્નતિને રસ્તે વાળવામાં આવે, તો સંપૂર્ણ કેળવણીમાં તેમની મદદ ભારે થાય છે. આ કાર્ય કોક-કોક વાર સામાજિક રીતે જ સરસ સધાય છે. તહેવારોની મદદ આમાં ઘણી થઈ શકે એમ છે. તહેવાર પ્રત્યે અમે એ દૃષ્ટિબિંદુ રાખ્યું છે કે, તહેવાર એ ગમે તેમ વખત વેડફી નાખવાનો કે આરામ લેવાનો રજાનો દિવસ નથી. તહેવાર અને ઉત્સવ એ કેળવણીનું એક નૈમિત્તિક અને કીમતી અંગ છે. અને આ જ કારણે જૂની પ્રથાને બની શકે તેટલી ધ્યાનમાં રાખી તહેવારોના કાર્યક્રમ એવા સૂચવ્યા છે કે, તે તે દિવસનું વૈશિષ્ટ્ય એમાંથી તરી આવે અને છતાં દરેક કાર્યક્રમને એટલો તો હળવો રહે કે તહેવારનો થાક ઉતારવા તહેવાર પછીનો દિવસ બગાડવો ન પડે.'

ઉત્તરાયણના દિવસની વિશિષ્ટતા આમાંથી તરી આવે છે અને તે કેવી રીતે ઉજવાય છે તે પણ કાકાસાહેબે આ લખાણમાં વિગતે રજૂ કર્યું છે. અંદાજે નવ દાયકા અગાઉ લખાયેલું આ સાહિત્ય આજે પણ તાજગીસભર છે. આગળ તેઓ લખે છે કે, 'આ મકરસંક્રમણ આપણે કેવી રીતે ઊજવીએ? ગંગા નદીને કિનારે જઈને જુઓ. ત્યાં અસંખ્ય ભાવિક લોકો ગંગાના પટમાં ઝૂંપડીઓ બાંધી કેટલાયે દિવસથી ત્યાં જ રહ્યા છે. ગંગા અને યમુનાનો હિંદુ ધર્મની સરસ્વતી સાથે જ્યાં સંગમ થાય છે ત્યાં હજારો લોકો પ્રયાગસ્નાનને માટે આવી રહેલા હું હમણા જ જોઈ આવ્યો છું. સૂર્યોદય પહેલાં ઊઠીને નામસ્મરણ કરતા અને ભીષ્મમાતા ગંગાનો અથવા ધર્મભગિની યમુનાનો જયજયકાર પોકારતા તેઓ નાહવા જાય છે. યમુનામાં નહાય તે શું યમથી બીએ? ગંગામાં નહાય તેવી દૃઢતા શું ભીષ્મ જેવી ન હોવી જોઈએ? પ્રયાગનું સ્નાન એ નિર્ભયતા અને દૃઢતાથી દીક્ષા જ છે.' કાકાસાહેબ પોતાના અનુભવની વાત પણ મકરસંક્રાતિના વાતમાં જોડી છે. આ તેહવારની વિશિષ્ટતા તેમના શબ્દોમાં આગળ આ રીતે વધે છે : 'મકરસંક્રમણ એ જેટલો વિજયનો ઉત્સવ છે તેટલો જ સ્નેહ અને મીઠાશની વૃદ્ધિનો પણ ઉત્સવ છે. ભૂખ અને ટાઢથી ક્ષીણ થયેલા લોકો વરુની પેઠે એકબીજા સાથે લડે એમાં નવાઈ નથી, પણ પ્રકાશ અને સમૃદ્ધિમાં તે બધું ભૂલી જવું જોઈએ. માટે જ હિંદુસ્તાનના અનેક પ્રાંતોમાં ઉત્તરાયણની શરૂઆતમાં તલ અને ગોળ એકબીજાને આપવાનો રિવાજ છે. શિયાળામાં તે પૌષ્ટિક ખોરાક છે. એટલા જ માટે નહીં, પણ સ્નેહ મીઠાશની વૃદ્ધિ સૂચવવા માટે તલમાં સ્નેહ છે. અને ગોળમાં મીઠાશ છે. બધાં ધાન્યોમાં તલની ઊપજ સૌથી વધારે હોય માટે જ તેની - પ્રેમની આપલે કલ્યાણકારક ગણેલી છે.'

**હિંદુસ્તાનના અનેક પ્રાંતોમાં ઉત્તરાયણની શરૂઆતમાં તલ અને ગોળ એકબીજાને આપવાનો રિવાજ છે. શિયાળામાં તે પૌષ્ટિક ખોરાક છે. એટલા જ માટે નહીં, પણ સ્નેહ મીઠાશની વૃદ્ધિ સૂચવવા માટે તલમાં સ્નેહ છે. અને ગોળમાં મીઠાશ છે. બધાં ધાન્યોમાં તલની ઊપજ સૌથી વધારે હોય માટે જ તેની - પ્રેમની આપલે કલ્યાણકારક ગણેલી છે**

પુસ્તકમાં જીવતા તહેવારો વિશે લખતી વેળાએ ધર્મ પ્રત્યેની વાડાબંધી છોડીને કૌટુંબિક ભાવના કેવી રીતે વિકસે તે અંગે પણ કાકાસાહેબ જે લખે છે તે આજે પણ સ્મૃતિમાં રાખવા જેવું છે : 'હિંદુસ્તાનમાં વસેલા સર્વ ધર્મો પાછળ હિંદમૈયાનો એક સર્વસંગ્રાહક વિશ્વપ્રેમી પ્રેમધર્મ છે. એ ઉદાર અને સર્વસહિષ્ણુ ધર્મનો પ્રભાવ જેમ જેમ દરેક ધર્મ ઉપર પડશે તેમ તેમ સર્વ ધર્મોમાં કૌટુંબિક ભાવ વધતો જશે.' એટલું જ નહીં તેઓ તહેવારોને શિક્ષણ સાથે પણ જોડે છે. એ કમનસીબી છે કે આજે દેશમાં ઉજવાતા તમામ તહેવારો શાળા-કૉલેજમાં સદભાવથી ઉજવાતા નથી. નજીકના ભૂતકાળમાં એવી ઘટનાઓ બની છે જ્યારે હિંદુ ધર્મ સિવાયના તહેવારો ઉજવાયા હોય ત્યારે ધાર્મિક કટ્ટરવાદી સંગઠનોએ તેમાં વિક્ષેપ પાડ્યો હોય. આવું થાય ત્યારે શિક્ષણ સંસ્થાઓ ભયના માર્યે તે પછી હિંદુ સિવાયના અન્ય ધર્મના તહેવારોની ઉજવણી રાખતી નથી. પરંતુ કાકાસાહેબ આ વિશે લખે છે : 'શિક્ષકો, વિદ્યાર્થીઓ અને માબાપોને પ્રસન્ન પરિસ્થિતિમાં એકત્ર આણવાનો પ્રસંગો તરીકે આ તહેવારો મહત્ત્વના છે જ, સમાજસુસ્થિતિનું ચિંતન કરનારા ચતુર શિક્ષકો આવા ઉત્સવોનો લાભ લઈ અનાયાસે સામાજિક પ્રશ્નો વિશે લોકમાનસને જાગ્રત કરશે અને લોકશિક્ષણની નાનીશી શરૂઆત કરશે. બીજી રીતે વધતા જતા આપણા સામાજિક જીવનમાં એક જ દિશામાં, પણ ભિન્ન ભિન્ન માર્ગે જતી સંસ્થાઓનો પરસ્પર પરિચય વધારવામાં પણ આપણા ઉત્સવો મોટો ભાગ ભજવી શકે છે. સ્નેહસંમેલનો કરતાં સમાજમાન્ય ઉત્સવોનો પ્રસંગો આવો પરિચય નમ્રતાના વાતાવરણમાં વધારે સ્વાભાવિક રીતે કરાવે છે.'

તહેવારોની આ મહત્તા છે અને તેને વધુ ઉપયોગી આ રીતે બનાવી શકાય. તેઓ મકરસંક્રાતિના દિવસને એકબીજાને તલગોળ આપી એકબીજાના જૂના અપરાધોને માટે ક્ષમા માગવાની પ્રથા જો હૃદયથી સ્વીકારવામાં આવે તો જરૂર સમાજમાં ઐક્ય અને ઉત્સાહ વધે અને વધતા સૂર્યની પેઠે દેશનું સૌભાગ્ય વધે.

આ ઉપરાંત પણ ઉત્તરાયણની અસર આપણી પર કેવી રીતે થાય તે અંગે પણ તેઓ લખે છે કે, 'જેમ શ્રેષ્ઠ અથવા પૂજ્ય વિભૂતિની આપણા જીવન ઉપર અસર પડે છે તેમ કુદરતની ઘટનાની પણ પડે છે. કોઈ સગાંવહાલાંના મોતને લીધે જેમ આપણે હતોત્સાહ થઈએ તેમ સૂર્યનું ખગ્રાસ ગ્રહણ જોઈને પણ આપણે વિમનસ્ક થઈએ છીએ. મહાયુદ્ધ અને દુકાળ બંનેનાં આપણા ઉપર સરખાં જ પરિણામ થાય છે. પુત્રોત્સવ અને વંસતોત્સવ વચ્ચે સરખાપણું નથી એમ કોણ કહી શકે? શ્રીકૃષ્ણનો કંસ ઉપર, રામનો રાવણ ઉપર, બુદ્ધનો માર ઉપર વિજય થયે હજારો વર્ષ વીતી ગયાં છે. છતાં તે વિજયનો દિવસ જ્યારે ફરી ફરી આવે છે ત્યારે તે વિજયનો સંદેશો આપણને ફરી ફરી મળે છે. તડકાનો ટાઢ ઉપરનો વિજય કંઈ પ્રભાવમાં એથી ઊતરતો નથી. દર વર્ષની જેમ એ વાત છે એટલા માટે કંઈ તે ઓછી અસરકારક નથી. સૂર્યોદય થાય છે, છતાં સર્વ દેશમાં અને સર્વ ભાષાના કવિઓને તથા રસિકોને સૂર્યોદયની શોભા તથા એના ઉપમા ઉત્સાહદાયક જ લાગે છે.' મકરસંક્રાતિ વિશે કાકાસાહેબ કાલેલકર દ્વારા થયેલું આ વર્ણન આજના સંક્રાતિના દિવસે વાચવું ગમે એવું છે તેથી અહીં તે ઉતાર્યું છે. તહેવારોનો આનંદ અપાર છે, પણ તે આનંદ કેવી રીતે લેવો તેનો ઉલ્લેખ કાકાસાહેબના આ લખાણમાં છે. તહેવારોને સાર્થક રીતે ઉજવવાની ચાવી તેમના લખાણમાં છે. •

